બાળકો અને
નવયુવાનો માટે

# હાદી
માસિક

از امام جعفر بن محمد الصادق علیه السلام

શવ્વાલુલ મુકર્રમ, હીજરી સન ૧૪૩૧,
સપ્ટેમ્બર-૨૦૧૦



# સૂરએ અન્ફાલ

**કુરઆન શરીફની અત્યારની ગોઠવણી પ્રમાણે આ કુરઆનનો આઠમો સૂરો છે. આ સૂરો મદની (મદીના શહેરમાં નાઝિલ થએલ) સૂરો છે અને આમાં ૭૫ આયતો છે.**

આ સૂરામાં ઈસ્લામના અગત્યના અહકામ(આજ્ઞાઓ) નું વર્ણન કરવામાં આવ્યું છે. ખાસ કરીને ધન-દોલતના મસઅલાઓ-માલે ગનીમત અને અન્ફાલ વગેરેના મસઅલાઓનું વર્ણન છે. અન્ફાલ અરબી શબ્દ નિફલનું બહુવચન છે. તેનો અર્થ કોઈ વસ્તુનું વધુ થવું - વૃધ્ધિ અને ફઝલ (કૃપા) એવો થાય છે, અને આ સૂરામાં માલે ગનીમતનો ઉલ્લેખ છે. તેથી આ સૂરાને અન્ફાલ કહેવામાં આવ્યો છે. ઈસ્લામમાં માલે ગનીમતને બય્તુલમાલ માટે શ્રેષ્ઠ મદદગાર માનવામાં આવ્યો છે અને આ બય્તુલમાલ વડે જે દરિદ્રો-અને ભિક્ષુકો વિગેરેને સહાય આપવામાં આવે છે. આ સૂરામાં જે લોકો સાચા અર્થમાં 'મોઅમેનીન' છે તેમના ગુણો અને વિશિષ્ટતાઓ પણ બયાન કરવામાં આવેલી છે. તદ્ઉપરાંત બદ્રની લડાઈ (જંગે બદ્ર)ના સંપૂર્ણ પ્રસંગનું પણ આ સૂરામાં વર્ણન છે. આ ઈસ્લામ અને કાફરો વચ્ચેની પ્રથમ લડાઈ હતી. અને આ લડાઈમાં જ અલ્લાહ તરફથી સહાયતા પણ આવી હતી. આ લડાઈમાં જ. હઝરત અલી અ.સ. એ કાફરોના ૭૦ પૈકી અડધા ઉપરાંત લોકોને જહન્નમ ભેગા કરી દીધાં હતાં અને બાકીના લોકોના કત્લમાં પણ આપ અ.સ.ની મદદગારી તો હતી જ. આ લડાઈના વર્ણન ઉપરાંત ખુદાવન્દે આલમે આ સૂરામાં જ લડાઈ અને ધર્મ યુધ્ધ (જિહાદ) ના મસઅલાઓ - તેના નીતિનિયમો વગેરેનું પણ વર્ણન કર્યું છે.

*હિજરતની રાત્રિ - (શબે હિજરત) નો પ્રસંગ પણ આ સૂરામાં જ વર્ણવવામાં આવેલ છે. બાળકો ! આ એ જ રાત્રિ છે જેમાં આપણા મૌલા અ.સ. આપ સાહેબ સ.અ.વ.ની પથારી ઉપર પોતાના ભાઈના પ્રાણની રક્ષા કાજે પોતાની જાનની પરવા કર્યા વગર સૂઈ ગયાં હતાં અને તે રીતે આપણને પણ પોતાના ભાઈઓના સંકટના સમયે જાન ઉપર ખેલી જવા માટે પણ તૈયાર રહેવાની શીખ આપી છે.*

*આ સૂરામાં જ ધન-દોલત પર 'ખુમ્સ' કાઢવાનો પણ હુકમ આપવામાં આવ્યો છે અને તેની વિધી અને તેને ક્યાં ખર્ચી શકાય તેનું પણ વર્ણન છે.*

આ સૂરાને પઢવાનો ઘણો સવાબ છે. ઈમામ સાદિક અ.સ.થી રિવાયત છે કે 'જે પણ આ સૂરાની તિલાવત કરશે તેનાથી 'નિફાક' (દોગલાપણું) દૂર થઈ જશે અને તેની ગણત્રી અલી અ.સ.ના શીઆઓમાં થશે. તેવી જ રીતે આપે એક બીજી જગ્યાએ ફરમાવ્યું છે કે 'જે કોઈ આ સૂરાને પઢશે તેના આઅમાલ નામામાં દસ નેકીઓ લખી લેવામાં આવશે-અને દસ બુરાઈઓ ખતમ કરી દેવામાં આવશે અને મકામે કુદ્દુસ (એક ખાસ સ્થાન) માં તેનો દરજ્જો દસ દરજ્જા ઉંચો કરી દેવામાં આવશે.'



## બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો !                                        અસ્સલામો અલયકુમ !

માહે શવ્વાલુલ મુકર્રમ આવી પહોંચ્યો છે. આ ઈદુલ-ફિત્ર અને ખુશાલી મનાવવાનો મહીનો છે. આ મહીનામાં આપણને ઈદની ખુશીઓ એટલા માટે પ્રાપ્ત થઈ છે કે આપણે રમઝાન માસની બરકતોનો ખૂબ લાભ લીધો છે. પરવરદિગારનો આ મહિનો આપણાં માટે કેટલી બધી બરકતો અને રહેમતો લઈને આવ્યો હતો એનો અંદાજો આપણને એ દુઆઓમાંથી મળી રહે છે જેમાં આ મહિનાના અસંખ્ય ફાયદાઓનું વર્ણન છે.

ખુદાના આ મહિનામાં ઈસ્તિગફાર (ક્ષમા આપવાના - માફી બક્ષવાના) દરવાજા ખુલ્લા મૂકી દેવામાં આવ્યાં હતાં. હવે આપણે પોતે જ આત્મસંશોધન કરવું જોઈએ કે આપણે આ મહિનામાં કેટલો લાભ ઉઠાવ્યો.

આ આત્મસંશોધન પછી પોતાની ખુશીઓની સીમા પણ આપણે જ નિયત કરવાની છે. જેણે જેટલો લાભ ઉઠાવ્યો હોય તેના પ્રમાણમાં તેના માટે ખુશીઓ અને પ્રસન્નતાઓ છે.

જ્યારે આપણે આ મહિના - તેના મુખારવિંદ ઉપર બદસૂરત ડાઘ જોઈએ છીએ. આ મહિનામાંજ માઅસૂમીન અ.સ.ના પવિત્ર મઝારોને પાડી નાંખવામાં આવ્યા અને આપણાં છઠ્ઠા ઈમામની શહાદત પણ આ મહિનામાં જ થઈ હતી ત્યારે આપણી આ અંગત ખુશીઓ ઝાંખી પડી જાય છે.

આપણે "જન્નતુલ બકીઅ" કે માઅસૂમીન અ.સ.ની કબરો અને રસૂલે અકરમ સ.અ.વ.ના કુટુંબીજનોના મઝારો જ્યાં આવેલાં હતાં તે કબ્રસ્તાન છે તેની પુનઃ સ્થાપના અને મઝારો ફરી બાંધવા માંટે શક્ય એટલી તમામ પધ્ધતિઓથી આપણો વિરોધ પ્રગટ કરવો જોઈએ. જેથી કરીને "જન્નતુલ બકીઅ" ની પુનઃ પ્રાપ્તિ અને પુનઃ સ્થાપના થઈ શકે અને અહલેબૈતના દુશ્મનો ભવિષ્યમાં આ પ્રકારની હરકતોથી દૂર રહે.

શત્રુઓ એ વાત ઉપર કમર કસી છે કે જેવી રીતે પણ શકય હોય તે રીતે આ નિશાનીઓને મિટાવી દેવામાં આવે કે જેનાથી અહલેબૈત અ.સ.ની ફઝીલતો પ્રગટ થાય છે.

તેમની આ અભિલાષા તેમના મનમાંજ દફનાઈ જશે કેમકે તમે દેખીતી રીતે કંઈ પણ કરી શકો છો પરંતુ અહલેબૈત અ.સ. પ્રત્યે પ્રેમની જે છાપ લોકોના હૃદયમાં છે તેને મિટાવી દેવું - ઝાંખી પણ પાડી શકાય તેમ નથી.

આપણે પોતાના કાર્યો વડે અહલેબૈત અ.સ. પ્રત્યેના આપણાં પ્રેમને પ્રગટ કરતાં આવ્યાં છીએ અને પ્રગટ કરતાં રહીશું અને અર્વાચીન જગત તો પોતે જ વિદ્વતા અને શ્રેષ્ટતા ધરાવનારા લોકોને ચાહવા લાગ્યું છે અને ચાહતું રહેશે. ઈન્શાઅલ્લાહ !

વસ્સલામ

**વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-**

بسم الله الرحمن الرحيم

**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**
સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :
**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :
**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :
**અહમદ રઝા ઝુરારહ**
**તાલીમરઝા અજમેરી**
**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :
**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :
સાજીદ પંજ (Skype Graphics)
9898013082

**વિગતો માટે સંપર્ક :**
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**
*Bustan -E- Zehra Association*
**Mukhtar Abbas Vasaya**
91, Longthrnton Road, LONDON, SW 16 5QF
Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746
E-mail : movasaya@hotmail.com

ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦
ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫
E-mail : hadimasik@yahoo.com

# જનાબ હમઝા અ.સ.ની શહાદત

૧૫ શવ્વાલ એ દિવસ છે જે દિવસે એક પ્રખ્યાત માન્યતા પ્રમાણે આપણાં છઠ્ઠા ઈમામની શહાદત થઈ હતી. આ દિવસે જંગે ઓહદનો કયામત જેવો પ્રસંગ પણ બન્યો હતો. જેમાં મુસલમાનોને મોટા પ્રમાણમાં નુકશાન પહોચ્યું હતું અને એક મહાન અને ઉચ્ચ સરદાર - પયગમ્બરે અકરમ સ.અ.વ.ના કાકા જનાબ હમઝા અ.સ.ની અત્યંત દર્દ ભરી શહાદત પણ થઈ હતી.

તે એક ખુબ જ શૂરવીર મુજાહિદ હતાં. ઈસ્લામની ઘોષણાં પહેલાં પણ આપે પયગમ્બરે અકરમ સ.અ.વ.ને શત્રુઓ તરફથી થતી સતામણીથી રક્ષણ આપ્યું હતું. આપ હમેશાં ઈસ્લામ અને પયગમ્બરે અકરમ સ.અ.વ.ની સહાયતા કરતાં રહેતાં હતાં. હિજરત પછી પણ આપ દરેક પ્રસંગે ઈસ્લામની રક્ષા કાજે કમર કસીને તૈયાર રહેતાં હતાં.

ઈસ્લામના પ્રથમ યુધ્ધ જંગે બદરમાં આપે ઈમામ અલી અ.સ. સાથે મળીને ઈસ્લામના શત્રુઓ ઉપરના મહાન વિજયમાં ખુબ જ મહત્વનો ભાગ ભજવ્યો હતો. કાફરો અને કુરૈશ કબીલાની મહત્વની અનેક વ્યક્તિઓને મારી નાંખ્યાં હતાં. જેના પરિણામે તેઓ સ્પષ્ટ રીતે યુધ્ધ હારી ગયાં હતાં. આ તદ્દન સ્પષ્ટ હારના પરિણામે અબુસુફયાન અને તેના કુટુંબીજનો-તેમના મોટા મોટા માણસો પ્રથમ યુધ્ધમાં માર્યા ગયાં હોવાથી - ખુબ જ આતૂરતા પૂર્વક બીજા યુધ્ધની પ્રતિક્ષા કરતાં હતાં. છેવટે એ સમય પણ આવી ગયો જ્યારે 'જંગે ઓહદ' થવાની હતી. ત્યારે અબુ સુફયાનની પત્નિ 'હિન્દા'એ પોતાના એક જંગલી ગુલામને લગ્ન અને ઈનામોની લાલચ આપીને એ કાર્ય માટે તૈયાર કર્યો કે યુધ્ધમાં જ્યારે







E-mail : hadimasik@yahoo.com

પણ તક મળે ત્યારે મુહમ્મદ બિન અબ્દુલ્લાહ - અલી અથવા હમઝાને કત્લ કરી દે. તેણે કહ્યું ‘હું પયગમ્બર સ.અ.વ. અને અલી અ.સ.ને તો કત્લ નહીં કરી શકું પરંતુ હમઝાને કત્લ કરવા પ્રયત્ન કરીશ.’

છેવટે આ જંગલી મલઉને જ્યારે પ્રચંડ લડાઈ થતી હતી ત્યારે સંતાઈને એક ભાલો જનાબ હમઝાની છાતીમાં ભોંકી દીધો અને તેમને શહીદ કરી દીધાં

## હિન્દાના કાળા કરતૂત :

જનાબ હમઝાની દર્દભરી શહાદત પછી યઝીદની દાદી અને અબુસુફયાનની પત્નિ હિન્દાએ એવી આજ્ઞા કરી કે જનાબ હમઝાનું કાળજું કાઢી લેવામાં આવે અને કાળજું કઢાવી લઈને તે જંગલી સ્ત્રીએ ઈતિહાસનો એવો કાળો કારનામો કર્યો કે જેનો જોટો જોવા તો શું પણ સભ્ય સમાજમાં વિચારી પણ ન શકાય એટલે કે જનાબ હમઝાના કાળજાને ચાવી જવા પ્રયત્ન કર્યો. પરંતુ ખુદાને એ સ્વીકાર્ય નહોતું. તેથી તેણે (ખુદાએ) એ કાળજાને એટલો સખ્ત કરી દીધો કે તે જંગલી સ્ત્રી પોતાના પ્રયત્નમાં સફળ થઈ શકી નહીં. તેણે આટલા ઉપર જ સંતોષ માન્યો નહીં. પરંતુ પોતે જ એક ખંજર લઈને આપના કાન-નાક વિગેરે કાપી લીધાં અને તેનો હાર બનાવીને પોતાની ડોકમાં પહેરી લીધો.

આ દર્દ ભરી ઘટના એ પયગમ્બરે અકરમ સ.અ.વ. અને તેમના કુટુંબીજનો ઉપર એવો તો ઊંડો પ્રભાવ નાંખ્યો કે પયગમ્બર સ.અ.વ.ની આજ્ઞાથી બધાએ ઘણાં દિવસો સુધી જનાબ હમઝા અ.સ. માટે રૂદન કર્યું.

જનાબ હમઝા અ.સ.ની મહાનતા પ્રસ્થાપિત કરવા માટે ઈમામ રિઝા અ.સ.નું એ વાક્ય જ પૂરતું છે કે નબી સ.અ.વ. એ ફરમાવ્યું છે કે ‘અલી અ.સ. મારા સર્વ શ્રેષ્ઠ ભાઈ છે. અને હમઝા મારા સર્વ શ્રેષ્ઠ કાકાઓ પૈકી એક છે.’

(બિહારૂલ અનવાર-ભા.૧૫, પા.૨૮૧ અને ભા.૨૦, પા.૨૮-૨૯-૫૫ ઉપરથી સંક્ષિપ્ત કરીને)

# ઈમામ મુહમ્મદ તકી અ.સ.ના મહાન માતા

**નામ અને વંશ :** આપનું નામ સબીકા ખાતૂન હતું.

**આપના લકબો :** આપના નામો ખૈઝરાન - દુર્રહ - રૈહાના હોવા અંગેનું પણ વર્ણન મળે છે. પરંતુ શક્યતા એ છે કે આ આપનાં લકબો હોય. જે જુદા જુદા કારણો અને આપના મહાન કાર્યોને કારણે આપને આપવામાં આવ્યાં હોય.

**આપની કુનીયત :** આપની કુનીયત 'ઉમ્મુલ હસન' હતી.

**આપનું કુંટુંબ :** આપ રસૂલે ખુદા સ.અ.વ.ના ફરઝન્દ ઈબ્રાહીમના માતા જનાબ મારિયા કબ્તિયાના કબીલાના હતાં. અને આપ 'નવબા' નામના સ્થળના રહેવાસી હતાં.

**આપના ફઝાઈલ :**

★ પયગમ્બરે અકરમ સ.અ.વ.એ પોતાની વાણીમાં આપનો ઉલ્લેખ કર્યો છે અને કહ્યું છે કે 'મારા પિતા ન્યોછાવર થાય - નવબાની સર્વશ્રેષ્ઠ અને અતિ પવિત્ર દાસીના ફરઝન્દ (એટલે કે હઝરત ઈમામ જવાદ અ.સ.) ઉપર.'

★ તેવી જ રીતે મદીનામાં આવતાં પહેલાં જ્યારે આપ પોતાના અસલી વતનમાં રહેલાં હતાં ત્યારે ઈમામ મુસીયે કાઝિમે રાવી યઝીદ-બિન-સલીતને ફરમાવ્યું હતું કે 'જો તમો આ સન્નારીને જુઓ તો તેમને મારા સલામ પહોંચાડી દેજો.' આપની મહાનતા માટે આ સર્વશ્રેષ્ઠ ગર્વ કહેવાય કે માસૂમ ઈમામે આપને સલામ કહેવડાવ્યાં હતાં.

★ આપ પોતાના યુગની સર્વશ્રેષ્ઠ - સૌથી વધુ વિદ્વાન અને સૌથી વધુ પરહેઝગાર સન્નારી હતાં. આ પણ આપના માટે એક મહાન ગર્વની વાત કહેવાય કે આપ ઈમામ રિઝા અ.સ.ના પત્નિ અને ઈમામ જવાદ મુહમ્મદ તકી અ.સ.ના માતા હતાં.

★ આપ પણ માઅસૂમીન અ.સ.ની અહાદીસ અને રિવાયાતોના રાવીઓમાંથી હતાં.

*આપની કબરની બાબતે એવા પ્રમાણ મળે છે કે આપને મદીનામાં જ દફન કરવામાં આવ્યાં હતાં.*




E-mail : hadimasik@yahoo.com

# નહજુલ બલાગાહ

## બીક અને શરમ

બીકનું પરિણામ નિષ્ફળતા અને લાજ-શરમનું પરિણામ- તે વસ્તુથી વંચિત રહેવું - તે છે. ફૂરસદનો સમય વાદળની જેમ (ઝડપથી) પસાર થઈ જાય છે. તેથી કોઈનું ભલું કરવા માટે જે તક મળે તેને જતી ન કરો. (બોધ-વાક્ય-નં.૨૦)

આમ જનતામાં કોઈ વસ્તુ કેટલીક લજ્જાસ્પદ ગણાતી હોય-કેટલીક ધિક્કારને પાત્ર ગણાતી હોય તો પણ-તેમાં જો ખરેખર કોઈ ખોટ ન હોય તો - તેનાથી શરમાવવું બેવકૂફી છે. કારણ કે તેનાથી મોટેભાગે એવી વસ્તુઓથી પણ વંચિત રહેવું પડે છે કે જે વસ્તુઓ (કાર્યો) આ જગત અને આખેરત બંનેમાં લાભદાયક અને સફળતા અપાવનાર હોય. દા.ત. કોઈ વ્યક્તિ ફક્ત એવો વિચાર કરીને કે લોકો તેને અજ્ઞાની સમજશે - તેના માટે મહત્વની હોય તેવી કોઈ વાત અંગે પૂછતાં શરમાય તો આ ખોટી શરમ તેને જ્ઞાન (તે વસ્તુની જાણકારી) થી વંચિત રાખશે. તેથી જ કોઈપણ ડાહ્યો માણસ પૂછવા અને જાણકારી મેળવવા માટે પ્રશ્ન કરવામાં શરમ અનુભવશે નહીં. દા.ત. એક ઘરડા વ્યક્તિને કે જે વૃધ્ધાવસ્થામાં પણ જ્ઞાન પ્રાપ્તિ માટે ભણતો હતો, તેને પુછવામાં આવ્યું કે 'તમને આટલા ઘડપણમાં ભણતાં શરમ નથી આવતી ?' તો તેણે જવાબ આપ્યો 'હું ઘરડો થઈ ગયો ત્યાં સુધી અભણતાથી શરમ ન આવી તો હવે ઘડપણમાં ભણવાથી શરમાવવાનું શું ?' પરંતુ જે કાર્યોમાં ખરેખર ભૂંડાપણું હોય તેવા કાર્યો કરવામાં શરમ અનુભવવી શરાફતની નિશાની છે. દા.ત. એવા કાર્યો કે જે ધર્મ અને નૈતિકતાની દૃષ્ટિએ ધિક્કારને પાત્ર હોય. ટુંકમાં એ કે ઉપરોક્ત પહેલા પ્રકારની શરમ ખોટી છે. જ્યારે બીજા પ્રકારની શરમ આવકાર્ય અને સ્વીકારવાને પાત્ર છે.

પયગમ્બરે અકરમ સ.અ.વ.નો ઈર્શાદ છે કે : શરમના બે પ્રકાર છે, એક પ્રકાર એવો છે કે જે બુધ્ધિ અને અક્કલ પ્રમાણે હોય છે. (બુધ્ધી-તર્ક જેને સ્વીકારે તેવી હોય છે.) તે શરમ જ્ઞાન અને ચાતુર્ય છે અને બીજો પ્રકાર એ છે જે મુર્ખાઈ છે. આ પ્રકાર સંપૂર્ણપણે અજ્ઞાનતા અને અશિક્ષિતપણાં ઉપર આધારિત છે.

# કબરોની તબાહી અને બરબાદી

અહલેબૈત અ.સ.ની શહાદતો પછી પણ દુન્યા પરસ્તોએ એ પવિત્ર હસ્તીઓ સાથે વેરભાવના તજી નથી. અને અલ્લાહની દૃષ્ટિમાં તેમના મહાન દરજ્જાને કારણે તેમના ઉપર અને તેમના અનુયાયીઓ ઉપર અત્યારની પરંપરા આજે પણ ચાલુ છે. ઈસ્લામના ઇતિહાસના અસંખ્ય પાનાઓ અહલેબૈત પર કરવામાં આવેલાં અત્યાચારોના વર્ણનથી કાળા રંગે રંગાએલાં છે. અને અર્વાચીન યુગમાં પણ ઘણાં સ્થળોએ અત્યાચારોનો સિલસિલો ચાલુ જ છે.

સને ૧૩૪૩-૪૪ હિજરીની ૮ શવ્વાલની તારીખે ઈસ્લામના ઈતિહાસમાં અત્યાચારીઓએ પોતાના અત્યાચારોનો જુનો ઈતિહાસ ફરી દોહરાવ્યો હતો અને મક્કા-મદીના-કરબલાની ભૂમિ ઉપર અત્યાચારો ગુજાર્યા અને તમામ મુસલમાનોને -ખાસ કરીને શીઆઓની સાથે રસૂલે કાએનાત સ.અ.વ.ને પણ આપની કબરમાં રડવા ઉપર મજબૂર કરી દીધાં.

**વહાબીઓએ મુસલમાનો - ખાસ કરીને શીઆઓ સાથેની દુશ્મનીનો બદલો કાંઈ એવી રીતે લીધો કે :**

- પયગમ્બરે અકરમના પવિત્ર હરમ શરીફ ઉપર હુમલો કરીને તોપનું નિશાન તાક્યું. પરંતુ ખુદાનો આભાર કે મુસલમાનોની બીકને કારણે તેને બરબાદ કરવાની તેમના મલિન પ્રયત્નમાં તેઓ નિષ્ફળ રહ્યાં હતાં.
- હિજરી સન ૧૩૪૩માં કબરોને બરબાદ અને તબાહ કરી દેવાની વહાબીઓએ ઝુંબેશ શરૂ કરી તો સૌથી પ્રથમ તેમણે મક્કાના પવિત્ર શહેરના પ્રખ્યાત કબરસ્તાનો–મદીના શહેરના પ્રખ્યાત કબ્રસ્તાન 'જન્નતુલ બકીઅ' અઈમ્મા–જેમાં ઈમામ હસન અ.સ., ઈમામ સજ્જાદ અ.સ., ઈમામ સાદિક અ.સ. અને જનાબ ફાતેમા ઝહરા સલા.ની કબર અને અન્ય બુઝુર્ગો અને પયગમ્બર સ.અ.વ.ના માતાપિતાની કબરો એ તમામને નષ્ટ કરી દેવામાં આવી. તેમાં જનાબ અબ્દુલ મુત્તલિબ અ.સ., જનાબ અબૂતાલિબ અ.સ., આપ સ.અ.વ.ના પવિત્ર પત્નિ હઝરત ખદીજા, આપના સંતાનોની કબરો, ઈમામ અલી અ.સ.ના માતા જનાબ ફાતેમા બિન્તે અસદ સલા.ની કબર, હઝરત અબ્બાસ અ.સ.ના માતા જનાબ ઉમ્મુલ બનીન સલા.ની કબર,


E-mail : hadimasik@yahoo.com

પયગમ્બર સ.અ.વ.ની ધાત્રીમાતા જનાબ હલીમા સાઅદીયાની કબર, ઈમામ સાદિક અ.સ.ના ફરઝન્દ જનાબ ઈસ્માઈલ અ.સ.ની કબર, આવી મહાન હસ્તીઓની કબરોને પણ વેરાન કરીને ત્યાંની બહુમુલ્ય વસ્તુઓ પણ લૂટી લેવામાં આવી હતી.

- આ ઝુંબેશ જયારે જિદ્દા શહેર સુધી પહોંચી ત્યારે મહાન હસ્તીઓની ત્યાં આવેલી કે જેમાં ઉલ્લેખનીય છે કે જનાબ હવ્વા સલા. થી સંબંધિત જે કબર હતી તે સહિતની કબરો વેરાન કરી દેવામાં આવી.
- ઓહદના શહીદોના પ્રખ્યાત કબ્રસ્તાનની કે જેમાં સય્યદુશ્શોહદા જનાબ હમઝાના મઝારનો પણ સમાવેશ થાય છે. તે તમામને પણ વેરાન કરી દેવામાં આવી.
- આ અત્યાચારીઓ એ આ વરસે જ કરબલા શહેરમાં કરબલાના પ્રસંગોને તાજા કરી દીધાં અને ત્યાં હુમલો કરીને મઝલૂમ ઈમામ- સય્યદુશ્શોહદા અ.સ. અને કરબલાના અન્ય શહીદો અને દફન કરવામાં આવેલા અન્ય મહાન હસ્તીઓની કબરોને વેરાન કરીને તે રોઝાઓનો કીમતી હીરા-ઝવેરાત અને અન્ય બહુમુલ્ય સામાનને લૂટી લીધો હતો.
- કરબલા અને તેની આસપાસમાં થએલા હુમલાઓમાં લગભગ ૭૦૦૦ આલિમો-વિદ્વાનો અને આદરણીય સાદાતનો 'કત્લે આમ' કરવામાં આવેલ અને પછી નજફ શહેર તરફ પણ પ્રયાણ કરવામાં આવેલ. પરંતુ ત્યાં તદ્દન ભૂંડી હાર વેઠીને નાસવું પડયું હતું.

આ અત્યાચારો અંગે આપણે શાંત બેસી રહેવું જોઈએ નહીં. પરંતુ જેવી રીતે શક્ય હોય તે રીતે-આપણાં અઈમ્મા અ.સ.ના પવિત્ર ચારિત્ર ઉપર અમલ કરીને દરેક પળે- દરેક સ્થળે - દરેક સમયે હમેશાં અત્યાચારીઓની વિરૂધ્ધમાં અને અત્યાચાર પીડિતોની તરફેણમાં અવાજ ઉઠાવવી જોઈએ કેમકે આપણે તો એ કોમ છીએ જેણે અત્યાચારોની સામે શાંત રહેવાનું શીખ્યું જ નથી.

*બારગાહે ખુદાવન્દીમાં દુઆ છે કે તને બકીઅ, કરબલા અને અન્ય પવિત્ર સ્થળો એ દફન થએલ એ તમામ મહાન હસ્તીઓનો વાસ્તો છે કે જલ્દીથી જલ્દી આ કબરોની પુનઃસ્થાપનાની પરિસ્થિતિ ઉભી કર અને ખૂને શોહદાનો બદલો લેનાર વારસદાર, ઈમામે ઝમાનાના ઝહૂરમાં જલ્દી કર.*



# જીવજંતુઓનો ખુદા



એક વ્યક્તિની સામે એક રકાબી રાખેલી હતી. જેમાં કાચના કેટલાંક ટુકડાઓ હતાં. એક વાટકો પણ હતો. જેમાં માટી ભરેલી હતી. લોકોની ભીડ એકત્ર થએલી હતી. તે બધાં તે વ્યક્તિના સર્જનને જોવા આતૂર હતાં કે જે પોતે ખુદા છે તેવો દાવો કરતો હતો. છેવટે તેણે તમાશો શરૂ કર્યો. એક કાચના મોટા ટુકડાને ઉપાડ્યો અને તેની ચમક વડે વાટકામાંના જીવજંતુઓ દેખાડી તે જીવજંતુઓને સંબોધીને કહેવા લાગ્યો. “ હે જીવજંતુઓ, મેં જ તમારૂં સર્જન કર્યું છે, તમને પેદા કરનાર હું જ છું.”

થોડાક સમય પછી તે વ્યક્તિએ એક બીજો કાચનો ટુકડો ઉપાડ્યો અને પોતાના થેલામાંથી થોડીક માટી કાઢીને તે કાચના ટુકડા ઉપર નાંખી. પછી તેમાં થોડુંક પાણી ભેળવ્યું. પછી લોકોને સંબોધીને કહ્યું : ‘હે મોઅમિનો ! ધ્યાન પૂર્વક જુઓ, આ માટી અને પાણી છે. જેને હું દસ દિવસ સુધી રાખી મુકીશ અને તેને સુંદર જીવજંતુઓમાં ફેરવી દઈશ. હું આ જગતના જીવજંતુઓને પેદા કરનારો ખુદા છું.’

એકાએક બારણે ખડખડાટ થયો. બધાં લોકો બારણાં તરફ જોવા લાગ્યાં. તે વ્યક્તિએ પણ તે તરફ જોયું. ત્યારે તેના સેવકે આવીને કહ્યું : ‘મારા માલિક ! એક વ્યક્તિ મદીનાથી આવ્યો છે અને કહે છે કે મને ઈમામ સાદિક અ.સ. એ મોકલ્યો છે અને તે આપને મળવા માંગે છે.’

તે જુઠા ખુદાએ તદ્દન લાપરવાહીથી હાથ વડે ઈશારો કર્યો,જાણે એમ કહેતો હોય કે તે આવીને બેસી શકે છે. થોડીક ક્ષણોમાં એક યુવાન સભામાં આવ્યો. તેણે સલામ કર્યો. તે વ્યક્તિએ ઈમામના પ્રતિનિધિ તરફ જોયું અને હસીને કહ્યું : ‘મને ખાત્રી છે કે તમારા મૌલાએ તમને મારા મોઅજિઝાઓ જોવા મોકલ્યો છે. તે પ્રતિનિધીએ કહ્યું : મારા મૌલાએ સાંભળ્યું છે કે ‘તું પોતાની જાતને સર્જનહાર માને છે.’ તે વ્યક્તિએ કહ્યું :‘હું પોતાની જાતને સર્જનહાર માનતો નથી પરંતુ હું ખરેખર સર્જનહાર છું જ’ ઘણાં લોકો મારા ઉપર ઈમાન લાવી ચુક્યાં છે. તમે અને તમારા મૌલા પણ મારા ઉપર ઈમાન લાવી શકો છો.” ઘણાં લોકો તે સાંભળીને માથું હલાવવા લાગ્યાં. ઈમામના પ્રતિનિધીએ કહ્યું : ‘મારા મૌલાએ તમને કેટલાંક પ્રશ્નો પુછવા મને મોકલ્યો છે. જો તમે મારા સવાલોના ખરા જવાબો આપશો તો હું તમારા ઉપર ઈમાન લઈ આવીશ.’

તે વ્યક્તિ થોડાક સમય સુધી શાંત બેસી રહ્યો.





E-mail : hadimasik@yahoo.com



પછી એક કાચ ઉપાડીને તેનો ચમકારો બતાવ્યો અને કહ્યું : ‘કઈ વાતનો જવાબ જોઈએ છે.’ તમે અને તમારા મૌલા પોતે આવીને પોતાની આંખે જોઈ શકે છે કે હું આ જીવજંતુઓને કેવી રીતે પેદા કરૂં છું. તો પણ જે પ્રશ્ન હોય તે પૂછો, હું તેના પણ જવાબ આપીશ.

ઈમામના પ્રતિનિધિ યુવાને કહ્યું :‘હું ફક્ત ચાર પ્રશ્નો પૂછીશ. તમે એના સાચા જવાબ આપી દેશો તો હું ઈમાન લઈ આવીશ. મારો પહેલો પ્રશ્ન એ છે કે ‘ આ જીવજંતુઓની સંખ્યા કેટલી છે ?’ આ પ્રશ્ન સાંભળીને તેના કપાળ ઉપર કરચલીઓ પડી ગઈ અને જવાબ આપવાને બદલે તે ક્રોધે ભરાયો પરંતુ જવાબ ન આપી શક્યો. તે પ્રતિનિધીએ કહ્યું : ‘મારો બીજો પ્રશ્ન છે કે આ જીવજંતુઓમાં નર કેટલાં છે અને માદા કેટલી છે. !’

આ સાંભળીને તો તેને હાથમાંનો કાચનો ટુકડો ભારે લાગવા લાગ્યો અને તેણે તે જમીન ઉપર મૂકી દીધો. ઈમામના પ્રતિનિધિએ કહ્યું : ‘જેણે આમને પેદા કર્યા છે તે આમાં નર કેટલાં છે અને માદા કેટલી છે તે તો બતાવી જ શકે ને !’ હવે મારો ત્રીજો સવાલ છે ‘આ જીવજંતુઓમાંથી દરેકનું વજન કેટલું છે ?’ તે વ્યક્તિ ગુસ્સે થઈ ગયો અને બરાડા પાડીને કહેવા લાગ્યો : ‘મેં આમને માટી-પાણી ભેળવીને પેદા કર્યા છે અને તમે મને તેમની સંખ્યા પૂછો છો ?’ ઈમામના તે પ્રતિનિધીએ કહ્યું : ‘એમાં કઈ મોટી વાત છે ! આ કામ તો એક બાળક પણ કરી શકે છે. પ્રાણ ફૂંકનાર તો કોઈ બીજો જ છે.’

મારા ત્રણ પ્રશ્નોના જવાબો આપવામાં તો તમે નિષ્ફળ રહ્યાં છો પરંતુ મારા ચોથો સવાલ પણ સાંભળી લો. જો તું જ આમને પેદા કરવાવાળો હોય તો આમને આજ્ઞા કર કે આ બીજી કોઈ વસ્તુમાં ફેરવાઈ જાય.

આ સાંભળીને તો તે જુઠો ખુદા ગુસ્સે થઈ ઉભો જ થઈ ગયો અને બરાડા પાડવા લાગ્યો. આવા બેવકુફીભર્યા પ્રશ્નો ન કરો. તમારા પ્રશ્નોથી તમે મારી મજાક ઉડાવો છો.

તે પછી તેનો ખુદાઈનો ધંધો બંધ પડી ગયો અને તેણે પોતાના ઘરના બારણાં બંધ કરી દેવાની ફરજ પડી. આમ ઈમામ અ.સ.એ પોતાના એક અનુયાયીને મોકલી તેની ખુદાઈને માટીમાં ભેળવી દીધી.





## ખુદા દરેક કાર્ય કરવા અંગે સર્વશક્તિશાળી છે.

(સૂરા-બકરહ-૨૦)

હાદી : ગુરૂજી ! જરા એ તો બતાવો કે ખુદાની શક્તિ કેટલી છે ? શું શક્ય છે કે ખુદા એવો પત્થર બનાવે જે તે પોતે પણ ઉપાડી ન શકે. આવું કરી શકવા તે શક્તિમાન છે કે કેમ ?

ગુરૂજી : શાબાશ - વત્સ ! તેં ખુબ જ સારો સવાલ કર્યો. પરંતુ આ સવાલનો જવાબ આપતાં પહેલા હું તને જ કેટલાંક પ્રશ્નો પુછીશ. મારો પહેલો પ્રશ્ન તો એ છે કે જે કામ શક્ય જ ન હોય તેવું કામ કરવું યોગ્ય છે ?

હાદી : ના ગુરૂજી ! જે કામ તદ્દન શક્ય જ ન હોય તે કામ કેવી રીતે કરી શકાય. પરંતુ ગુરૂજી એ તો બતાવો કે તે અશક્ય કામ છે કયું ?

ગુરૂજી : અચ્છા ! હવે એ જણાવો કે કોઈ બુધ્ધિશાળી વ્યક્તિ મુર્ખાઈનું કામ કરી શકે કે કેમ ?

હાદી : ના, ગુરૂજી !

ગુરૂજી : હવે એ બતાવો કે શું ખુદા સૌથી વધુ બુધ્ધિશાળી છે કે નહીં ?

હાદી : નિઃશંકપણે ! એમાં શંકાને કોઈ સ્થાન છે જ નહીં. અરે ! ખુદા તો પોતે બુધ્ધિનો સર્જક છે.

ગુરૂજી : હવે એ બતાવો કે શું અશક્ય કામ દા.ત. બે વત્તા બે દસ થઈ શકે ?

હાદી : ના ગુરૂજી ! બે વત્તા બે તો ચાર જ થાય.

ગુરૂજી : જો કોઈ બે વત્તા બે દસ કહે તો શું તમે સ્વીકારી લેશો અને તે વ્યક્તિને બુધ્ધિશાળી પણ કહેશો ?

હાદી : ના ગુરૂજી ! આ સ્વીકારી જ કેવી રીતે શકાય અને તેવી વ્યક્તિને બુધ્ધિશાળી પણ કેમ કહેવાય ?

ગુરૂજી : તો એ હકીકત પણ સમજી લો કે ખુદા કે-જે સૌથી વધારે બુધ્ધિશાળી છે તે એવું કોઇ કામ કરે કે જે બુધ્ધિગમ્ય ન હોય (મુર્ખાઇભર્યું હોય) તે કેવી રીતે શક્ય જ છે. આજે પણ જે કોઈ કંઈક કરે છે તો તે કામના તમામ પાસાઓ ચકાસીને તે કાર્ય થવાની સંપૂર્ણ શકયતા જોઈને જ તે કામ કરે છે. તેથી એ પણ કેવી રીતે શક્ય છે કે ખુદા કોઇ એવું કાર્ય કરે જેના ઉપર તેનો પોતાનો સંપૂર્ણ કાબુ ન હોય. ખુદા માટે આવા પ્રશ્નો મુર્ખાઇભર્યા છે. બુધ્ધિગમ્ય નથી.

# ભૂંડા કાર્યોની શિક્ષા



મુતવક્કલ - જે અબ્બાસી વંશનો એક અત્યંત અત્યાચારી - જાલિમ રાજા હતો તે મલઉન - શવ્વાલ માસની ત્રીજી તારીખે સન ૨૪૭ હિજરીમાં પોતાના ભૂંડા કાર્યોની દુન્યાવી સજા પામીને પોતાના જ દીકરાના આદેશથી ૧૪ વરસની ખિલાફત પછી માર્યો ગયો હતો. આમ આ દિવસે આપણાં માટે એટલે કે હઝરત અલી અ.સ.ના શીઆઓ માટે ઘણી ખુશાલીનો દિવસ છે.

★ મુતવક્કલ એક અત્યંત નરાધમ વ્યક્તિ હતો. તેના દરબારમાં નાચ-ગાન-ભૂંડા કાર્યો-મદિરા અને જુગારની મહેફિલો સજાવવામાં આવતી હતી.

★ તેણે ખલીફા બનતાની સાથે જ એવો આદેશ જારી કર્યો હતો કે આલે અબી તાલિબ અ.સ. (અબી તાલિબ અ.સ.ના વશંજો) ઉપર કોઈ લેશમાત્ર પણ દયા ન દાખવે અને જો કોઈ આવું કરશે તો તેને આવા કાર્યની સખ્ત સજા કરવામાં આવતી હતી. ટુંકમાં એવું કે આ મલઉને અબીતાલિબ અ.સ.ના વંશજો ઉપર જીવવું એટલે સુધી મુશ્કેલ કરી દીધું હતું કે તેમના સ્ત્રીવર્ગ પાસે પોતાના શરીરને સંતાડીને નમાઝ અદા કરી શકે તેવા વસ્ત્રો પણ બચ્યાં નહોતાં.

★ આ મલઉન હમેશાં હઝરત અલી અ.સ.ને ગાળો ભાંડતો રહેતો હતો અને આપની શાનમાં અભદ્ર ભાષાનો પ્રયોગ કરતો હતો.

★ આ મલઉને ઈમામ હુસૈન અ.સ.ની કબરને ૧૭ વખત ખોદાવી નાંખી હતી. પરંતુ દરેક વખતે તેના ઉપર ફરી બાંધકામ કરી દેવામાં આવતું હતું અને જે કોઈ વ્યક્તિ આપની (કબરની) ઝિયારત માટે જતો, આ મલઉન હાથ કપાવી નાખતો હતો અને ઘણી વખતે તેણે ઝિયારત કરવાવાળાઓને શહીદ પણ કરી દીધાં હતાં.

### તેના મૃત્યુનો પ્રસંગ :

આ મલઉનનો એક પુત્ર 'મુન્તસર'નામનો હતો. તે જાહેરમાં તો શરીફ અને અહલેબૈત પ્રત્યે મહેરબાન હતો અને પોતાના પિતાના કામો પ્રત્યે સખત અણગમો રાખતો હતો અને તક શોધતો રહેતો હતો. એક વખત મુત્વક્કલ મલઉન પોતાની સભામાં નશો કરીને હઝરત અલી અ.સ.ને ભાંડતો હતો ત્યારે તેના દીકરા મુન્તસરે કાવત્રા મુજબ મુતવક્કલના જ કેટલાંક દાસોના હાથે નશાની બેહોશીની હાલતમાં જ પોતાના બાપને તેના કાર્યોની આ દુન્યામાંજ સજા આપીને દરેક યુગના અત્યાચારીઓ અને જાલિમો માટે એ જાહેર કરી દીધું કે કોઈપણ અત્યાચારી એવા ભ્રમમાં ન રહે કે ખુદા તેનું કાંઈ બગાડી શકે તેમ નથી. પરંતુ તે તો એટલો શક્તિશાળી છે કે પોતાના ખોળાના ખુંદનારા પાસે જે મોઢે થપ્પડો પણ લગડાવી શકે છે અને પોતાના ખોળામાં ઉછેર પામેલાના હાથે જ તેના અત્યાચારોની સજા પણ અપાવી શકે છે.



(મુન્તહીજુલ-આમાલ, ભા.૧, પાન.૫૮ અને ફયઝુલ અલામ, પા.૬૫-૬૬-૨૨૬ ઉપરથી સંક્ષિપ્ત કરીને)

# સાદિકે આલે મુહમ્મદ અ.સ.ની જ્ઞાન અને વિદ્યા વિષયક બરકતો




હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.કે જેમને 'રાસેખીના-ફિલ-ઇલ્મ' હોવાનું પણ સન્માન મળેલું છે અને જે પ્રારંભિક વિદ્યાઓથી લઈને પૃથ્વીના અંતિમ સમયકાળ સુધીની તમામ વિદ્યાઓ (ઇલ્મે અવ્વલીન-વ-આખેરીન)ના પારંગત છે અને તેઓ જગતની તમામ ભાષાઓના જાણકાર પણ છે. આપના વિશે ઈમામ માલિક-બિન-અનસ લખે છે કે 'મેં વિદ્યા અને જ્ઞાન-પરહેઝગારી અને તકવામાં ઈમામ જાઅફરે સાદિક અ.સ.થી વધુ શ્રેષ્ઠ કોઈ વ્યક્તિને જોયો નથી.'

**ઈલ્મે કુરઆન (કુરઆનનું ઈલ્મ)** - કુરઆન અંગેના આપના ઈલ્મ અંગે દમ્આ-સાકેબા (પાનં.૪૭૮) ઉપર આપની પોતાની વાણી મોજુદ છે. આપે ફરમાવ્યું છે : 'ખુદાની કસમ! હું કુરઆને મજીદને શરૂઆતથી અંત સુધી એવી રીતે જાણું છું, જાણે કે મારા હાથમાં આકાશ અને પૃથ્વીની ખબરો છે. એ ખબરો પણ જે ભૂતકાળમાં થઈ ગઈ છે. એ ઘટનાઓ પણ જે વર્તમાનમાં થઈ રહી છે. અને એ પ્રસંગો પણ જે ભવિષ્યમાં થનાર છે અને કેમ ન હોય કેમકે કુરઆન મજીદમાં જ છે કે તેના ઉપર તો દરેક બાબત તદ્દન સ્પષ્ટ થએલી છે. એક અન્ય પ્રસંગે આપે ફરમાવ્યું છે કે અમે અંબિયા અને રસૂલોના જ્ઞાનના વારસ છીએ. (દમ્આ - સાકેબા, પા.૪૮૮)

**વૈદક શાસ્ત્ર : (ઈલ્મે તિબ)** અલ્લામા ઈબ્ને બાબૂયા અન્ફમી - કિતાબુલ - ખસાઇલ ભાગ-૨ પ્રકરણ ૧૯ પાનં.૯૭-૯૯ (ઈરાનમાં પ્રસિધ્ધ થએલ)માં લખે છે કે હિન્દુસ્તાનનો એક પ્રખ્યાત વૈદ્ય મન્સૂર દવાનકીના દરબારમાં બોલાવવામાં આવ્યો હતો. બાદશાહે આપ અ.સ. સાથે તેની મુલાકાત કરાવી આપી. ઈમામ જાઅફરે સાદિક અ.સ.એ વેદક શાસ્ત્રના 'ઈલ્મે તશરીહુલ અજસામ અને અફઆલુલ આઅઝાઅ' અંગે ઓગણીસ સવાલો તેને કર્યા. વૈદક શાસ્ત્રમાં અત્યંત નિષ્ણાંત હોવા છતાં પણ તે આ પ્રશ્નોના જવાબ ન આપી શક્યો અને છેવટે કલમો પઢીને મુસલમાન થઈ ગયો. અલ્લામા ઇબ્ને શહર આશૂબ લખે છે કે તે વૈદ્યને આપે વીસ પ્રશ્નો પુછયાં હતાં અને એવી વિશિષ્ટ છટાથી આપે જ્ઞાન વર્ધક પ્રવચન કર્યું કે તે બોલી ઉઠ્યો : 'મિન અય્ના લકલ હાઝલ ઇલ્મ' 'હે હઝરત ! આ વિશાળ જ્ઞાન ભંડાર આપે ક્યાંથી પ્રાપ્ત કર્યું છે ?' ત્યારે આપે ફરમાવ્યું : 'મેં મારા બાપ-દાદાથી અને તેમણે હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ.થી અને તેમણે ખુદાવન્દે આલમ પાસેથી જિબ્રઈલના માધ્યમ વડે આ જ્ઞાન પ્રાપ્ત કરેલ છે. કે જેણે (જે અલ્લાહે)


E-mail : hadimasik@yahoo.com

આ સમગ્ર સૃષ્ટી (શરીરો અને આત્માઓ) નું સર્જન કર્યું છે. 'ફ કાલલ હિન્દી-સદકતા' તે વૈદ્યે કહ્યું : 'નિઃશંકપણે! આપે સાચું કહ્યું છે.' અને તે પછી તેણે કલ્મો પઢીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરી લીધો હતો અને કહ્યું : 'ઈન્નકા-આઅલમો અહલિલ ઈલ્મ' 'હું એ હકીકતની ગવાહી આપું છું કે આપ વર્તમાનકાળના સૌથી મહાન જ્ઞાની પુરૂષ છો.' (મનાકિબે-ઈબ્ને-શહર આશૂબ-ભાગ ૧, પાન.૪૫)

**ખગોળશાસ્ત્ર :** ખગોળશાસ્ત્ર અંગેનું આપનું પ્રભુત્વ પણ અનન્ય હતું. આપે આપના સમકાલિન ખગોળશાસ્ત્રના પ્રખર વિદ્વાનો સાથે વાદ-વિવાદ કરીને તેમને આશ્ચર્યચકિત કરી દીધાં હતાં. બિહારૂલ અનવાર-મનાકિબે શહર આશૂબ અને દમ્આ સાકેબા વિગેરેમાં આપે કરેલા આ વાદ-વિવાદોની વિગતો મોજુદ છે. વિદ્વાનોનો એ ફેસલો છે કે ખગોળશાસ્ત્રનું સાચું અને સચોટ જ્ઞાન અહલેબૈત અ.સ. સિવાય કોઈની પાસે નથી અને આ એક અનન્ય બાબત છે કે અહલેબૈત સાથે સાચો પ્રેમ રાખનારાઓ હિદાયતના પ્રકાશમાંથી કંઈક અંશે પ્રકાશ મેળવી લે.

**પશુ પક્ષીઓની બોલીનું જ્ઞાન :** અન્ય અઈમ્માઓની માફક સાદિકે આલે મુહમ્મદ અ.સ.પણ પશુ-પક્ષીઓની બોલી (ઇલ્મે મન્તિકુત્તયર) થી પણ વાકેફ હતાં. જ્યારે કોઈ પક્ષી કે પશુ આપસમાં વાતચીત કરતાં તો આપ તેને સમજી લેતાં હતાં અને પ્રસંગોપાત તેમની સાથે તેમની જ બોલીમાં વાતચીત પણ કરતાં હતાં. દા.ત. તફસીરે લુબાબુત્તાવીલ નામના પુસ્તક ભાગ-૫, પાન.૧૧૩ ઉપર લખેલું છે કે સાદિકે આલે મુહમ્મદ અ.સ.એ કબર નામના એક પક્ષીને જેને ચકોર કે ચંડો પણ કહેવામાં આવે છે - બોલતાં સાંભળીને પોતાના અસહાબને ફરમાવ્યું : 'જાણો છો - આ શું કહે છે ?' અસ્હાબે જ્યારે એ વિશે જાણવા માંગ્યું તો આપે ફરમાવ્યું : 'આ કહે છે કે - અલ્લાહુમ્મા - લઅન-મુબગ્ઝીચો મુહમ્મદીંવ-વ-આલે મુહમ્મદ' (હે ખુદા ! મુહમ્મદ અને આલે મુહમ્મદ પ્રત્યે નફરત રાખનાર પર લાનત હજો !) એક ફાખતા (એક જાતનું પક્ષી) ના બોલવા ઉપર આપે કહ્યું : 'આને ઘરમાં ન રહેવા દો. આ કહે છે - ફકદતુમ- ફકદતુમ (ખુદા તમને નષ્ટ કરી દે.)'

**શરીરશાસ્ત્ર :** મનાકિબે ઈબ્ને શહર આશૂબ અને બિહારૂલ અનવાર ભા-૧૪માં છે કે એક ખ્રિસ્તી વિદ્વાને હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ને વૈદકશાસ્ત્ર અંગે પ્રશ્નો પૂછી માનવ શરીરની રચના વિશે જાણકારી મેળવવા ચાહી. આપે ઈર્શાદ ફરમાવ્યું : 'ખુદાવંદે આલમે માનવશરીરમાં ૧૨ જોડો (વસ્લ) - બસ્સો અડતાલીસ હાડકાઓ અને ૩૬૦ રકત વાહીનીઓ મૂકી છે. રક્તવાહીનીઓ આખાયે શરીરની તરસને છીપાવે છે. હાડકા શરીરને - માંસ હાડકાને અને તંતુઓ માંસને સંભાળીને યથાસ્થાને રાખે છે.'

# ભલાઈનો બદલો ભલાઈથી મળે

એક વાર જંગલનો રાજા સિંહ ભૂખ્યો થયો. જંગલમાં એક ચક્કર માર્યું પણ કોઇ શિકાર ન મળ્યો. સિંહ ફરતો ફરતો એક ગામમાં જઇ ચડયો. ગામમાં એક કસાઇની દુકાન હતી. દુકાનમાં માંસનો એક મોટો ટુકડો હતો. સિંહે ઝપટ મારીને ટુકડો લઇ લીધો. સિંહને ગામમાં આવેલો જોઇને લોકો સંતાઇ તો ગયા જ હતા. સિંહ પોતાની ગુફા તરફ ચાલ્યો. તેના મોંમા માંસનો ટુકડો હતો. એક વરુ આ જોઇ ગયું. તેના મોંમા પાણી આવી ગયું. વરુ સિંહની પાછળ પાછળ ચાલ્યું. ગુફા આવી એટલે સિંહ તેમાં જતો રહ્યો. વરુ બહાર બેઠુ રહ્યું. તેને સિંહ પર ગુસ્સો ચડયો. એકલો એકલો ખાય છે, તેનાં કરતાં બધાને થોડું થોડું આપતો હોય તો ! એવો વિચાર કરવા માંડયો. જોકે તેને એ વખતે એવો વિચાર ન આવ્યો કે પોતે કયારેય કોઇને કશું આપતો નથી, થોડી વાર વરુ એમને એમ બેઠુ રહ્યું. ત્યાં તો એક ગલૂડિયું દોડતું આવીને ગુફામાં ઘૂસી ગયું. તેણે સિંહ પાસે થોડું ખાવાનું માગ્યું, અને સિંહે આપ્યું. એ તેણે બહાર બેઠા બેઠા સાંભળ્યું. થોડીવાર થઇ ત્યાં તો  એક ઘુવડ આવી પહોચ્યું.





E-mail : hadimasik@yahoo.com



તેણે સિંહ પાસે થોડું ખાવાનું માગ્યું, સિંહે ઘુવડને પણ ખાવાનું આપ્યું. આ વાત પણ વરુએ સાંભળી. ત્યારબાદ વરુ સિંહ પાસે ગયું અને ખાવાનું માગ્યું.

વરુ ગુફામાં જઇને કહે, " મને ભૂખ લાગી છે ."

સિંહ કહે, "ભૂખ લાગી છે તો હું શું કરું ? જંગલમાં જા, ખાવાનું મળી રહેશે."

વરુ કહે, "ગલૂડિયાને, ઘુવડને તો તમે ખાવાનું આપ્યું. મને કેમ નથી આપતા ?"

સિંહ કહે, "તુ મને કોઇ દહાડો કામ લાગ્યું છે ?"

વરુ કહે, " આ બધા તમને શું કામ લાગે છે ?"

સિંહ કહે, " એ તને નહિં સમજાય. જયારે કોઇ શિકારી જંગલમાં મારો શિકાર કરવા આવે છે ત્યારે કૂતરા ભસીને મને ચેતવે છે. એટલે મેં ગલૂડિયાને ખાવાનું આપ્યું. મારી ગુફામાં કોઇ ઊંદર મને પજવે છે ત્યારે ઘુવડ એને મારી નાખે છે. એટલે મેં ઘુવડને ખાવાનું આપ્યું. બોલ, બધા મને કામ લાગે છે ને ? આપણે કોઇને કામ લાગીએ તો કોઇ આપણને કામ લાગે. ભલાઇનો બદલો ભલાઇથી મળે." વરુ ઢીલે મોઢે પાછું ફર્યું.



# શવ્વાલુલ મુકર્રમ માસની કેટલીક ઘટનાઓ

૧-શવ્વાલ : આજનો દિવસ ઇદનો દિવસ છે. જેને 'ઈદે ફિત્ર' કહેવામાં આવે છે. મુસ્તહબ છે કે આજના દિવસે નમાઝે ઈદ પહેલાં થોડીક માત્રામાં 'ખાકેશિફા' ખાઈ લેવામાં આવે અને ઝિયારતે ઈમામ હુસૈન પઢવામાં આવે, આજના દિવસે જ અહલેબૈત અ.સ.નો દુશ્મન ઉમ્રો આસ જહન્નમમાં ગયો હતો.

૩-શવ્વાલ : અબ્બાસી વંશના અત્યંત અત્યાચારી ખલીફા મુત્વક્કલ આજના દિવસે જ ખુદ તેના દિકરાના કાવત્રાથી કત્લ થયો હતો. આ ખલીફાએ ઈમામ હુસૈન અ.સ.ની કબર મુબારક ખોદાવી નાંખી હતી અને તેણે ઈમામ હુસૈન અ.સ. ની કબરની ઝિયારત ઉપર પણ પ્રતિબંધ લાદી દીધો હતો.

૪-શવ્વાલ : મક્કાની ફતેહ (વિજય) ના ૧૫ દિવસ પછી અને ૮ હિજરીમાં આજના દિવસે જ હુનૈનની લડાઈ થઈ હતી.

૫-શવ્વાલ : ઈમામ અલી અ.સ.એ આજના દિવસે જ જંગે સિફ્ફીન માટેની કૂચનો આરંભ કર્યો હતો.

૮- શવ્વાલ : સને ૧૩૪૪ હિજરીમાં આજના દિવસે જ વહાબીઓએ મદીના શહેરના 'બકીઅ ના કબ્રસ્તાન' માં દફન કરવામાં આવેલાં અઈમ્મા અને પયગમ્બર સ.અ.વ.ના અન્ય કુટુંબીજનોની કબરોને તોડી નાંખી હતી.

૧૪-શવ્વાલ: ઈમામે સજ્જાદ અ.સ.નો કાતિલ અત્યાચારી અને દુરાચારી ખલીફા અબ્દુલ મલક બિન મરવાન આજના દિવસે જ જહન્નમ ભેગો થયો હતો.

૧૫-શવ્વાલ: આજના દિવસે જ 'બદર' નામની લડાઈ થઈ હતી. જેમાં જનાબ હમ્ઝાની શહાદત થએલી તે ઉલ્લેખનીય છે. આજના દિવસે જ ઈમામ અલી અ.સ. એ આથમી ગએલ સૂર્યને પાછો પલટાવ્યો હતો.

૧૭-શવ્વાલ: આજના દિવસે જ 'ખન્દક' નું યુધ્ધ થયું હતું. જેમાં ઈમામ અલી અ.સ.ને 'કુલ્લે ઈમાન'નું બિરૂદ આપવામાં આવ્યું હતું અને આપે ઉમ્રો-બિન-અબ્દૂદ ને કત્લ કરીને શત્રુઓને ભાગવા પર મજબૂર કરી દીધાં હતાં અને ઈસ્લામને શત્રુઓ ઉપર વિજય અપાવ્યો હતો. સને ૨૦૭ હિજરીમાં આજના દિવસે જ ઈમામ રિઝા અ.સ.ના એક ખાસ ચાહવાવાળા જનાબ અબાસલતની વફાત થઈ હતી.

૨૦-શવ્વાલ: હારૂન મલઊન એ આજના દિવસે જ ઈમામ મુસા કાઝિમને મસ્જિદે નબવી સ.અ.વ.માંથી પકડીને મદીનાથી બગદાદ મોકલી આપ્યાં હતાં.

૨૫-શવ્વાલ: આજના દિવસે સને ૧૪૮ હિજરીમાં ઈમામ જાફર સાદિક અ.સ.ને, ૬૫ સાલની ઉંમરમાં, મનસૂરના હુકમથી શહીદ કરવામાં આવ્યાં હતા.


E-mail : hadimasik@yahoo.com



# હલાલની કમાણી

★ એક દિવસ રસૂલે ખુદા સ.અ.વ. પોતાના સાથીઓ સાથે બેઠેલાં હતાં. ત્યાં એક યુવાન - મજબૂત અને ઝડપી વ્યક્તિ સવારથી મહેનત કરવાના કામમાં લાગેલો હતો. આપના સાથીઓ (સહાબા)એ અફસોસ જાહેર કરતા કહ્યું કે કેટલું સારૂં થાત જો આ વ્યક્તિ પોતાની શક્તિ - મહેનત અને યુવાનીને અલ્લાહને માર્ગે ખર્ચ કરતો હોત !

આપ સ.અ.વ.એ ફરમાવ્યુંઃ 'આવું ન કહો ! તે વ્યક્તિ એટલા માટે મહેનત કરે છે કે બીજાઓ પાસે ભીખ માંગવા માટેના અપમાનથી તે બચી શકે. આવું કરીને ખરેખર તો અલ્લાહના માર્ગે જ આગળ વધ્યો છે તેમ કહેવાય. પોતાના માતા-પિતા અને પત્નિ અને બાળકોના ભરણ પોષણ માટે આ મહેનત કરતો હોય તો પણ તેનું આ કાર્ય અલ્લાહના માર્ગે જ કરેલી મહેનત તરીકે ગણાય. હા, જો તેનો આ પ્રયત્ન અને તેની આ મહેનત તેના ધન-દોલતમાં વૃધ્ધિના એકમાત્ર ધ્યેયને કારણે હોય, જેથી કરીને તે વધુ માલદાર થઈને બીજાઓને નીચું દેખાડી શકે તે માટે હોય તો તેનો આ વિચાર નાપાક ધ્યેય અને શયતાની કાર્યમાં ગણાશે.'

★ પયગમ્બરે અકરમ સ.અ.વ.એ ફરમાવ્યું છે 'જે વ્યક્તિ હલાલની કમાણી માટે ઘરેથી નીકળે અને જે પોતાના માટે તથા પોતાની પત્નિ - બાળકોના ભરણ પોષણ માટે મહેનત કરે એ વ્યક્તિ અલ્લાહના માર્ગે જેહાદ માટે આગળ વધ્યો હોય તેવી વ્યક્તિ જેવો જ છે. પરંતુ જો કોઈ ફક્ત ધન-દોલત એકત્ર કરવા માટે મહેનત કરે છે તો તેણે જાણે કે શયતાનનો માર્ગ સ્વીકાર્યો છે.'

# હરામની કમાણી

ખૈસમા-બિન-અબ્દુર્રેહમાન નામના એક વ્યક્તિનું કહેવું છે કે 'મેં શયતાનને એવું કહેતા સાંભળ્યું છે કે મનુષ્ય ત્રણ બાબતોમાં મારાથી આગળ વધી શકતો નથી પરંતુ હું તે ત્રણ બાબતો વડે તેના ઉપર કાબૂ મેળવી લઉં છું.'

(૧) એ ધન-દોલત જે અનીતિ અને હરામના માર્ગે મેળવવામાં આવી હોય.

(૨) એ ધન-દોલત જે હરામના કામમાં અને હરામની બાબતે લેવડ-દેવડમાં ખર્ચ કરવામાં આવી હોય.

(૩) એ ધન-દોલત જે મનુષ્યને અલ્લાહના માર્ગેથી વિમુખ કરી દે.



# ક્રોધને તજી દો અને પ્રસન્ન રહો





● એક દિવસ મદીનાની આસપાસના વિસ્તારમાંથી એક વ્યક્તિ નબી સ.અ.વ.ને મળવા આવ્યો અને લોકોને આપ સ.અ.વ.ના ઘરનું સરનામું પૂછ્યું તો લોકોએ કહ્યું : અત્યારે તો આપ સ.અ.વ. ફલાણાં બગીચામાં કામ કરી રહ્યાં છે.

● વ્યક્તિ તે બગીચામાં ગયો. પયગમ્બરે અકરમ સ.અ.વ.એ તેના સલામનો જવાબ આપ્યો. તેને એક ઝાડના છાંયડામાં બેસાડીને તેના આવવાનું કારણ પૂછ્યું ત્યારે તે વ્યક્તિએ કહ્યું : 'હે અલ્લાહના રસૂલ સ.અ.વ.! હું આપની પાસેથી નૈતિકતાના પાઠ ભણવા આવ્યો છું. જેથી કરીને મારા કબીલામાં જઈને તે બીજાઓને શીખવી શકું.'





● જતી વખતે પયગમ્બર સ.અ.વ.એ તેની પાસેથી શીખામણ ઉપર અમલ કરવાનો પાકો વાયદો લઈને શીખામણ આપી કે 'કદીયે ગુસ્સે થતો નહી...' તે પછી તે વ્યક્તિ આપ સ.અ.વ.ને ખુદા હાફિઝ કરીને પોતાના કબીલામાં પાછો ફર્યો.





● જ્યારે તે પોતાના કબીલામાં પહોંચ્યો ત્યારે ત્યાં તો અફરાતફરીનું વાતાવરણ હતું. તેણે લોકોને પૂછ્યું કે 'શું થયું છે ?' તો તેને કહેવામાં આવ્યું 'યુદ્ધ માટે તૈયાર થઈ જાવ, શત્રુઓને પાઠ ભણાવવાનો છે.'

* તે વ્યક્તિ પણ શત્રુઓ ઉપર ખુબ જ ક્રોધે ભરાઈ ગયો - પોતાના ઘરે આવ્યો અને યુધ્ધ માટે તૈયાર થઈ ગયો. પરંતુ જ્યારે તે શસ્ત્ર સજતો હતો ત્યારે તેને પયગમ્બરે અકરમ સ.અ.વ. સાથે પોતે કરેલો વાયદો યાદ આવી ગયો. તેથી તેણે શસ્ત્રો મૂકી દીધા. તેની પત્નિએ પૂછ્યું : તમે કેમ ઉપાડતાં નથી ? તેણે કહ્યું 'મેં પયગમ્બરે અકરમ સ.અ.વ. સાથે વાયદો કર્યો છે કે હું કદીયે ગુસ્સે નહીં થાઉં. તેથી હું તે વાયદા પ્રમાણે વર્તીશ.' તે પછી તે ઘોડા ઉપર સવાર થઈ યુધ્ધના મેદાનમાં પહોંચી ગયો જેથી કરીને તે મામલાને કોઈ રીતે ઉકેલી શકાય અને લોકો યુધ્ધ ન કરે.



* છેવટે તે વ્યક્તિ યુધ્ધના મેદાનમાં આવીને બંને કબીલાઓ વચ્ચે ઉભો રહી ગયો અને મોટા સાદે બધાં લોકોને એકત્ર કરીને કહેવા લાગ્યો 'હે લોકો ! ખુનામરકીનો કોઈ લાભ થવાનો નથી. અને જુઓ ! અત્યારે તમે બધાં ક્રોધે ભરાએલાં છો અને ક્રોધની સ્થિતિમાં લીધેલા કોઈપણ નિર્ણય ને કારણે છેવટે પસ્તાવું જ પડે છે. હું તમને બધાંને મારી ધન-દોલત આપી દઉં છું. પરંતુ તમે લોકો આ યુધ્ધ ન કરો.





તે સાંભળીને બંને કબીલાઓના સરદારોએ પૂછ્યું 'હે વ્યક્તિ ! તમે આવું કેમ કરો છો ?''



* તે વ્યક્તિએ કહ્યું 'મેં રસૂલે ખુદા સ.અ.વ. પાસે એવી ઈચ્છા વ્યક્ત કરી હતી કે આપ સ.અ.વ. મને કોઈ શિખામણ આપે. તો આપ સ.અ.વ.એ ફરમાવ્યું હતું કે 'તમે કદી પણ ગુસ્સે થશો નહીં' અને જુઓ ! આ ઝગડો પણ ક્રોધના પરિણામે જ છે. જ્યારે વાટાઘાટો દ્વારા પણ આ સમસ્યાનો ઉકેલ લાવી શકાય તેમ છે.

છેવટે બંને કબીલાના સરદારોને તે વાત સમજાઈ ગઈ અને એવી ઘોષણાં કરી કે 'અમે નબી સ.અ.વ.ના સંદેશાને સાંભળ્યો અને તેના ઉપર અમલ કરવા નિર્ણય લીધો છે. હવે અમે યુધ્ધ નહીં કરીએ.'

આમ પયગમ્બર સ.અ.વ.ની શિખામણથી યુધ્ધ સુલેહશાંતિમાં ફેરવાઈ ગયું અને લોકોમાં પરસ્પર મિત્રતા બંધાઈ ગઈ.

## દાનવીર વૃત્તિ

★ દાનવીર અલ્લાહનું સામિપ્ય પ્રાપ્ત કરે છે અને લોકોની પાસે પણ હોય છે.
- નબીએ અકરમ સ.અ.વ. (બિહર.ભા.૭૩ પા. ૩૦૮)

★ દયાળુ - દાનવીર એ વ્યક્તિ છે જે પેલાના ધનને અલ્લાહના માર્ગે ખરી જગ્યાએ વાપરે છે.
-ઈમામ અલી અ.સ. (બિહાર - ભા. ૭૧, પા. ૩૫૩)

★ દાનવીરતાની એક સીમા હોય છે. તે સીમાથી દાનવીરતા વધી જાય (એટલે કે કારણ વગરનો ફાલતુ ખર્ચ કરવામાં તો તે ધનને વેડફી નાખવા તુલ્ય છે.)
-ઈમામ અસ્કરી અ.સ. (બિહાર-ભા.૬૮-પા. ૪૫૦૭)

★ નબીયે અકરમ સ.અ.વ. એ હાતિમ (જે અરબ જગતનો એક દાનવીર વ્યક્તિ હતો)ના પુત્ર અદીને ફરમાવ્યું કે "ખુદાન્વદે આલમે તેની દાનવીર વૃત્તિને કારણે તેના ઉપરથી અઝાબને દૂર કરી દીધો છે."
- નબીયે અકરમ સ.અ.વ. (બિહાર, ભા-૭૧, પા. ૩૫૪)

★ ગુનાહો કરનારો પરંતુ દાનવીર વૃત્તિ ધરાવતો યુવાન એ વૃધ્ધ ઈબાદત કરનારો કે જે કંજુસ હોય તેનાથી ખુદાવન્દે આલમને વધુ પ્રિય છે. -ઈમામે સાદિક અ.સ. (બિહાર-ભા. ૭૩ પા. ૩૦૭)

★ દાનવીર વૃત્તિ પ્રેમની પ્રાપ્તિનું કારણ છે અને તે ચારિત્રને શણગારે છે.
-ઈમામ અલી અ.સ. (મીઝાનુલ હિકમત - ભા.૪, પા. ૨૪૦)

**એક વખત હઝરત અલી અ.સ.નો એક શત્રુ મુઆવિયાની પાસે ગયો અને તેને ખુશ કરવા માટે કહેવા લાગ્યો કે હું અરબસ્તાનના સૌથી કંજુસ વ્યક્તિ અલી અ.સ. પાસેથી આવું છું" મુઆવિયાએ કહ્યું "અલી અ.સ. કંજુસ કેવી રીતે હોઈ શકે ? ખુદાના સમ! જો અલી અ.સ. ની પાસે બે ઘરો હોય જે પૈકી એકમાં ઘાસ ભરેલું હોય અને બીજા મકાનમાં સોનું ભરેલું હોય, અલ્લાહના માર્ગે ખર્ચ કરવામાં અલી અ.સ. સોનું ભરેલું મકાન પહેલા ખાલી કરી નાંખશે"**

**- અલી. અ.સ. અંગેની એક રિવાયત**
**(બિહાર, ભા. ૩૩-પા. ૨૫૪)**





# ૧૨ - ટેવો



ઉસૂલે કાફીમાં છે કે : ઈમામે સાદિક અ.સ.એ ફરમાવ્યું છે કે અમે એવા લોકોને અમારા મિત્ર બનાવીએ છીએ જે બુધ્ધિશાળી - સમજદાર - સહિષ્ણું - નરમ મિજાજવાળા - ધીરજ રાખનાર અને સાચા વફાદાર હોય. હા. ખુદાએ અંબિયા અ.સ.ને સર્વ શ્રેષ્ઠ ચારિત્ર અને નૈતિકતા બખ્શી છે. તેથી જેમાં આ ખાસિયતો - ટેવો હોય તેણે ખુદાની શુક્રગુઝારી કરવી જોઈએ અને જેમાં આ ખાસિયતો - ટેવો ન હોય તેણે ખુદાની બારગાહમાં ખુબ જ નમ્રતા પૂર્વક તેમાં આ ખાસિયતો આવે તે માટે દુઆ કરવી જોઈએ. અબ્દુલ્લાહ-બિન-બકીર કહે છે, મેં અરજ ગુજારી કે 'મૌલા-હું આપના ઉપર કુરબાન થઈ જાઉં - એ કઈ ખાસિયતો - ટેવો છે ?' આપે ફરમાવ્યું તે બાર ખાસિયતો - ટેવો આ મુજબ છે.

(૧) વરઅ : એટલે કે માણસ પોતે પાક અને પાકીઝા - પવિત્ર રહે અને પવિત્રતાને પસંદ કરે.

(૨) સંતોષ : એટલે ખુદાએ જે નેઅમતો આપી છે તેના ઉપર જ હમેશાં રાજી રહે. કદી કાંઈ ન મળવા અંગે રડારોળ ન કરે.

(૩) ધીરજ (સબર) : કોઈપણ મુસીબત આવે ત્યારે તે ન તો પોતાની જાતને દોષી ઠેરવે કે ન તો તે અંગે ખુદાની મરજી અંગે ટીકા કરે.

(૪) શુક્ર : ખુદાએ જે નેઅમતો આપી છે તે અંગે હમેશાં તેની બારગાહમાં શુક્ર કરતાં રહેવું તે. જેથી કરીને તેની નેઅમતોમાં વૃધ્ધિ થાય.

(૫) નમ્રતા : ક્રોધના સમયે પોતાની જાતને કાબુમાં રાખે અને બીજાઓ ઉપર હમેશાં દયા કરે.

(૬) શરમ : દરેક ખરાબ કામ કરવામાં શરમ આડે આવે.

(૭) દાનવૃત્તિ : ખુદાએ આપેલ ધન-દોલતને તેના ચીંધેલા માર્ગે પોતાની શક્તિ પ્રમાણે ખર્ચ કરે.

(૮) વીરતા : દરેક ક્ષેત્રમાં પોતાની ઉચ્ચ-હિકમત દર્શાવે.

(૯) સ્વાભિમાન (ગયરત) : પોતાના કાર્યોમાં સ્વાભિમાન પૂર્વક વર્તે.

(૧૦) નેકી (સદ્કાર્યો કરવા તે) : પરવરદિગારે ચીંધેલ તમામ નેક કાર્યો - સદ્કાર્યો કરે.

(૧૧) સત્યવક્તાપણું : હમેશાં સત્યવક્તા રહે. કદીયે ક્યાંયે જુઠું ન બોલે.

(૧૨) થાપણ પરત કરવામાં ઈમાનદારી : ખુદા-માઅસૂમીન અ.સ.અને લોકોએ સોંપેલ થાપણો અદા કરવામાં ગોલમાલ ન કરે.

(ઉસૂલે કાફી : ભા.૩, પા.૯૩)



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**મિસમ એમ. વિરાણી**
સેલવાસા.



**ભિમાણી અબ્બાસ અખ્તરઅલી**
મહેન્દ્રપારા શેરી, મોરબી.



**બિન્તુલહુદા રિઝવી**
અલઅમીનપાર્ક, વટવા, અમદાવાદ.



**મલીકા જાફરી**
અલઅમીનપાર્ક, વટવા, અમદાવાદ.





# નાના રોજદાર



અલીરઝા સોહેલ અબ્બાસ લાખાણી
રાજુલા સીટી.
ઉંમર વર્ષ-૭ રોજા -૯



જીશાન હૈદર ઝાહિદઅલી લાખાણી
રાજુલા.
ઉંમર વર્ષ-૫ રોજા -૨



લીલાણી નદીમઅલી મોહસીનઅલી
રાજુલા.
ઉંમર વર્ષ-૧૦ રોજા-૧૫



નઈમ અબ્બાસ
રાજુલા.
ઉંમર વર્ષ-૭ રોજા-૫



રમજાનઅલી ઠક્કર હુસેનઅલી
રાજુલા.
ઉંમર વર્ષ-૯ રોજા -૧૦



માવાણી અબ્બાસઅલી સજ્જાદઅલી
રાજુલા.
ઉંમર વર્ષ-૬ રોજા -૧૪



ગાઝી અબ્બાસ જામાણી
રાજુલા.
ઉંમર વર્ષ-૬ રોજા -૪



રાજાણી મહંમદ ગાઝી
રાજુલા.
ઉંમર વર્ષ-૪ રોજા -૧



મુન્તઝીર મુની
રાજુલા.
ઉંમર વર્ષ-૪ રોજા -૪



સકીના અલીરઝા જાફરી
રાજુલા.
ઉંમર વર્ષ-૪ રોજા -૧



અલીરઝા રવાણી
રાજુલા.
ઉંમર વર્ષ-૪ રોજા -૨



નદીમ મહેંદી રવજાણી
રાજુલા.
ઉંમર વર્ષ-૯ રોજા -૨૧

# બુધ્ધિના ફૂલ

- કોઇના માટે ખોટી ધારણા કરી લેવી તે હોડીમાં ટીપે ટીપે ભરાતા પાણીની જેમ છે જે છેવટે હોડીને ડુબાડી દે છે.
- આકાશમાંથી ધનની વર્ષા થાય તેવી ઈચ્છા રાખવાને બદલે એવી ઈચ્છા રાખો કે આકાશમાંથી ખુદાની દયા કૃપા વરસે.
- બીજાઓની ખુશી પોતાના શોકની યાદ દેવડાવે છે અને બીજાઓના દુઃખ આપણા દુઃખોને હળવા કરે છે.
- કેટલાક એવા લોકો હોય છે જે સમુદ્રની જેમ બોલે છે પરંતુ તેમની સમજશકિત તો ગંદા પાણીના ખાબોચિયાની જેમ મર્યાદિત હોય છે.
- સ્મિતથી મુખારવિંદ ઉપર અનેરો નિખાર ઊત્પન્ન થાય છે.
- જો કોઇ એ તમારી સાથે સદવર્તાવ (નેકી) કર્યો હોય તો તેને તેનો બદલો આપવામાં વિલંબ ન કરો અને કોઇએ તમારી સાથે ભૂંડાશ કરી હોય તો તેનાથી તેનો બદલો લેવાથી દૂર રહો.
- જેમાં ક્રોધ હોય છે, જાણી લો કે ત્યાં બરબાદી અવશ્ય હશે.
- (કોઈ પણ ધ્યેય પ્રાપ્ત કરવા માટેની) સાચી પિપાસાને (માર્ગોના) કંટકોની પડી હોતી નથી.


E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્રમાં સુંદર મજાના મનગમતા રંગ પૂરો અથવા તો બાજુમાં આપેલ નમૂના મુજબના રંગ પૂરી શકો છો. જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.



وَيُسَٰرِعُونَ فِى ٱلْخَيْرَٰتِ

નેંક (સારા) કામોમાં જલ્દી કરો.



E-mail : hadimasik@yahoo.com

# અમારા પ્રશ્નો - તમારા જવાબો

પ્રશ્ન-૧ : શવ્વાલ માસની કઈ તારીખે 'ઈદુલ ફિત્ર' આવે છે ?

(અ) ૧-તારીખ (બ)૨-તારીખ (ક) ૧૫-તારીખ (ડ) ૨૩-તારીખ

પ્રશ્ન-૨ : શવ્વાલ માસમાં કઈ લડાઈ થઈ હતી ?

(અ) હુનૈન (બ) ઓહદ (ક) જમલ (ડ) 'અ' અને 'બ' બંને

પ્રશ્ન-૩ : ઈમામ અલી અ.સ. માટે કયા માસમાં આથમી ગએલ સૂર્યને પાછો પલટાવવામાં આવેલ ?

(અ) શવ્વાલ (બ) મોહર્રમ (ક) રજબ (ડ) રમઝાન

પ્રશ્ન-૪ : ઈમામ કાઝિમ અ.સ.ને કયા માસમાં પકડી લેવામાં આવ્યાં હતાં ?

(અ) શવ્વાલ (બ) રમઝાન (ક) ઝિલહજ (ડ) રજબ

પ્રશ્ન-૫ : જનાબ હમઝા કઈ લડાઈમાં શહીદ થયાં હતાં ?

(અ) બદ્ર (બ) હિજરત (ક) ઓહદ (ડ) બીજી ઓહદ

પ્રશ્ન-૬ : ઈમામ સાદિક અ.સ.ની શહાદત ક્યારે થઈ હતી ?

(અ) ૧૫ રમઝાનુલ મુબારક - સને ૩ હિજરી (બ) ૧૫ શવ્વાલ - સને ૪ હિજરી

(ક) ૧૫ શાઅબાન - સને ૩ હિજરી (ડ) બધાં ખોટાં

પ્રશ્ન-૭ : ઈમામ સાદિક અ.સ.ને કયા ખલીફાએ ઝેર આપ્યું હતું ?

(અ) મન્સૂર (બ) મુતવક્કલ (ક) મોઅતમદ (ડ) મોઅતઝ બિલ્લાહ

પ્રશ્ન-૮ : ઈમામ સાદિક અ.સ.ની ઉમ્ર કેટલી હતી ?

(અ) ૬૫ વરસ (બ) ૬૦ વરસ (ક) ૬૩ વરસ (ડ) ૫૫ વરસ

પ્રશ્ન-૯ : અબાસલત કોના સહાબી હતાં ?

(અ) ઈમામ રિઝા અ.સ.ના (બ) ઈમામ તકી અ.સ.ના

(ક) ઈમામ અલી અ.સ.ના (ડ) ઈમામ હસન અસ્કરી અ.સ.ના

પ્રશ્ન-૧૦ : 'બકીઅ'ના કબ્રસ્તાનને ક્યારે તોડી નાંખવામાં આવ્યું હતું ?

(અ) ૧૩-રજબ સને ૧૦૫૫ હિજરી

(બ) ૧૦-રમઝાન સને ૧૨૦૯ હિજરી

(ક) ૧૪-શાઅબાન સને ૧૧૪૪ હિજરી

(ડ) ૮-શવ્વાલ સને ૧૩૪૪ હિજરી

# ઈબાદત-ફક્ત અલ્લાહ માટે

(હે રસૂલ!) કહી દો કે મારી નમાઝ અને મારૂં બલિદાન અને મારૂં જીવન અને મારૂં મૃત્યુ - આ બધુ નિશંકપણે (ફકત) અલ્લાહ રબ્બુલ આલમીન માટે છે. (અન્આમ: ૧૬૨)

**સીધો માર્ગ :** (હે રસૂલ!) કહી દો કે મારા પરવરદિગારે મને ''સિરતે મુસ્તકીમ''નું દિશા સૂચન કરેલ છે. જે એક સીધો દીન છે. (આજ) મિલ્લતે ઈબ્રાહીમ (અને તવહીદનો) એકાગ્રતાનો દીન છે અને ઈબ્રાહીમ મુશરિકો પૈકી નહોતા.'' (અન્આમ: ૧૬૧)

**નેકીનો દસ ગણો સવાબ :** જેમણે પોતાના દીનમાં મતભેદો ઉભા કર્યા અને (જે લોકો) ગ્રુપોમાં વહેંચાઈ ગયાં. નિશંકપણે આપનો તે લોકો સાથે કોઈ સંબંધ નથી. તેમનાં મામલાતો તો અલ્લાહને સુપ્રદ થયેલા છે. તેઓ જે કાંઈ કરી રહ્યાં છે તે વિશે તે (અલ્લાહ) જ તેમને બતાવશે. (અને) જે (અલ્લાહ પાસે) એક નેકી (સદ્કાર્ય) લઈ ને આવશે. તેને (અલ્લાહ) દસગણો બદલો (અજ્ર) આપશે અને ભુંડાશ (ખરાબ કાર્ય) લઈને જશે તેને અલ્લાહ તેના ખરાબ કાર્ય જેટલો જ બદલો આપશે અને તેમના ઉપર અત્યાચાર કરવામાં આવશે નહીં. (અન્યાસ - ૧૫૯-૧૬૦)

**અલ્લાહનો માર્ગ :** અને આ જ મારો સીધો રસ્તો છે તેના ઉપર જ ચાલો અને બીજા જુદા - જુદા માર્ગોએ ચાલશો નહીં. કેમકે તે (જુદા જુદા માર્ગો) તમને અલ્લાહના માર્ગોથી વિચલીત કે ભ્રષ્ટ કરી દેશે અને અલ્લાહે તમને આ હિદાયતો (એટલા માટે) આપી છે કે તમો તકવો અખત્યાર કરો. (અન્યાસ: ૧૫૩)

**હમેંશ ન્યાયની વાત કરો :** અને અનાથ (યતીમ)ની સંપત્તિની પાસે પણ જતાં નહીં. પરંતુ એવી રીતે કે જે (અનાથ માટે) લાભદાયક હોય એટલે સુધી કે તે પુખ્તવયનો થઈ જાય અને તોલ-માપ ન્યાયની સાથે પૂરેપૂરો આપો. અમો (અલ્લાહ) કોઈના ઉપર તેની (સહન) શક્તિ કરતાં વધારે જવાબદારીઓ નાખતાં નથી અને જ્યારે પણ વાત કરો ત્યારે ન્યાયપૂર્વક (વાત કરો) પછી તે પેલાના સૌથી નજીકના સત્તાની વિરુદ્ધમાં જ કેમ ન હોય અને અલ્લાહ સાથે કરેલો વાયદો પૂરો કરો. આ એ શિખામણો છે જે અલ્લાહે તમને આપી છે કે કદાચ તમે યાદ રાખો. (અન્યાસ: ૧૧૬-૧૫૨)



# પત્રાવલી

**વહાલા બાળકો,**
**આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**
**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**મોહંમદરઝા એ. જાફરી**
ખોજા મસ્જીદ પાસે, વિરાની પેલેસ, રાજુલા સીટી.



**અલીઅબ્બાસ ભોજાણી**
જીવાબાવા ચોક, રાજુલા.

## જન્મદિન મુબારક



**મોહમ્મદ અબ્બાસ કૈફી**
જન્મ તારીખ :
૨૧ - ૯ - ૧૯૯૯
રાજુલા સીટી.



**શોઝબ અબ્બાસ સૈયદ**
જન્મ તારીખ :
૨૭ - ૯ - ૧૯૯૯
રાજુલા સીટી.



# પાંચ બંદાઓ

**આપણાં છઠ્ઠા ઈમામ એટલે ઈમામ જાઅફર સાદિક અ. સ. ફરમાવે છે કે :**

**શયતાને કહ્યું છે કે પાંચ પ્રકારના લોકો મારી પકડમાં આવતાં નથી. (મારી જાળમાં ફસાતા નથી.) તે સિવાય બાકીનાઓને ભ્રષ્ટ કરવા મારા માટે સહેલું છે. જે પાંચ પ્રકારના લોકોને ભ્રષ્ટ અથવા માર્ગથી ચલિત કરવા શક્ય નથી તે નીચે મુજબ છે.**

પ્રથમ : એ લોકો જે ખરા મનથી ખુદાની બારગાહમાં રક્ષણની યાચના કરે છે અને પોતાના તમામ કાર્યોમાં ખુદા ઉપર જ ભરોસો રાખે છે.

બીજા : એ લોકો જે રાત દિવસ ખુદાના સ્મરણ (ઝિક્ર) માં જ રચ્યાં રહે છે.

ત્રીજા : એ લોકો જે પોતાના માટે જે ઈચ્છે છે તે જ પોતાના ધાર્મિક (દીની) ભાઈઓ માટે પણ ઈચ્છે છે અને પસંદ કરે છે.

ચોથો : એ લોકો જે પોતાની મુશ્કેલીઓના પ્રસંગે ખોટી રીતે (શરીઅતમાં જેની મનાઈ ફરમાવવામાં આવી છે તે રીતે) રડારોળ કરી મુક્તાં નથી.

પાંચમાં: એ લોકો જે ખુદા તેમને જેટલું આપે તેટલા ઉપર જ સંતુષ્ટ થઈ જાય છે અને પોતાની આજીવિકા મેળવવા ખોટા માર્ગો (ગુનાહના રસ્તા) અપનાવતાં નથી અને ખુદાએ જેટલું આપ્યું છે તેનાથી ખુશ રહે છે અને આખેરતમાં કામ આવનાર વસ્તુઓ મેળવવામાં અને આખેરતમાં કામ આવનાર કાર્યો કરવામાં રચ્યા પચ્યા રહે છે.


## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | (૧) અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨ |
| | | (૨) ભંભેરા મોહમ્મદ હુસૈન જાફરઅલી ફોન : ૯૪૨૮૧૨૩૨૩૩ |
| કાણોદર | : | નૌશાદભાઈ, જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| ભરૂચ | : | જાવેદભાઈ ડોસાણી |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ : સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.**



# HADI MASIK


: Publishers :

**Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**



Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440.

Ph. : 079 - 25892786, +91-94266 78614, +91-94266 78612

**E-mail : hadimasik@yahoo.com**





*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*